જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૧/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૯ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૭૦/૨૦૨૩

**ઓઢવઃ** સુનીલભાઇ પ્રવિણભાઇ ઠક્કર (ઉ.વ.૪૧)(રહે.લક્ષ્મીકૃપા સોસાયટી અર્બુદાનગર બસ સ્ટેશન સામે ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાથી તા.૧૬/૧૧/૨૦૨૩ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદિના દાગીના કિંમત રૂપિયા ૧,૩૮,૪૦૦/- તથા રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૮,૪૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**બોડકદેવઃ** પ્રવિણભાઇ મણીલાલ પટેલ (ઉ.વ.૫૪)(રહે.ગુલમહોર-૧૧ સહજવિલા બંગ્લોઝની બાજુમાં સાયન્સ સીટી રોડ સોલા) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૨૦૨૩ સાંજના ૪/૩૦ થી તા.૧૬/૧૧/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની કાચની બારી તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨૦,૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૧/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ (૧)** સંજયભાઇ કાંતિભાઈ પરમાર (ઉ.વ.૨૫)(રહે.અહેમદ કસાઈની ચાલી મ્યુનિ. શાળા નંબર.૩-૪ ની બાજુમાં બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૧/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા સાબરમતી રિવરફ્રન્ટ પુર્વ સરદારબ્રીજ પાસે ઘાટ નંબર-૧૩ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ (૨)** કિશનકુમાર તુલસીભાઈ પરમાર (ઉ.વ.૨૯)(રહે.ખોડીયારનગર કાચા છાપરામાં આંબડેકર બ્રીજ છેડે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૧/૨૦૨૩ સવારના ૮/૪૦ વાગ્યા પહેલા સાબરમતી રિવરફ્રન્ટ પુર્વ આંબેડકરબ્રીજ પાસે ઘાટ નંબર-૧૬ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** બીપીનભાઈ મલાભાઈ જીતીયા (ઉ.વ.૪૫)(રહે.ડૉ.આબેડકર કોલોની આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૧/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હિમતસિંહ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** અશોકભાઇ ગોપાલભાઇ પટણી (ઉ.વ.૨૫)(રહે.એમ.એલ.એ.ક્વાટર્સ ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ભીખુભાઇ ચલાવે છે.

**નારોલઃ** સુગમભાઇ રાજેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૨૮)(રહે.સુંદરનગર લક્ષ્મીનગરની બાજુમા નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી